એડવોકેટની આગેવાનીમાં રહીશોએ પાલિકા ગેટ ગજવ્યો : રહેઠાણની વ્યવસ્થા વિના મકાનો ખાલી કરવાનો સ્પષ્ટ ઇનકાર

બિલમાં 75 મીટરના રસ્તા માટે 87 મકાનો પર તોળાતું જોખમ, પાલિકાના ગેટ પર રહીશોનો હલ્લાબોલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

વડોદરા મહાનગર સેવા સદન દ્વારા બિલ ગામ વિસ્તારમાં 75 મીટરના વિશાળ રસ્તાના અમલીકરણ માટે કવાયત હાથ ધરવામાં આવી છે. આ રસ્તાની રેષામાં આવતા 87 જેટલા મકાનોને 10 દિવસમાં ખાલી કરવાની કડક નોટિસ પાઠવવામાં આવતા સ્થાનિક રહીશોમાં ભારે રોષ અને ફફડાટ વ્યાપી ગયો છે. ગુરુવારે મોટી સંખ્યામાં રહીશોએ પાલિકા કચેરી ખાતે વિરોધ પ્રદર્શન કર્યું હતું, જ્યાં તેમને ગેઈટ બહાર અટકાવવામાં આવતા વાતાવરણ તંગ બન્યું હતું. પાલિકા દ્વારા આપવામાં આવેલી નોટિસમાં સ્પષ્ટ જણાવાયું છે કે, રસ્તાના પ્રોજેક્ટમાં અવરોધરૂપ બનતા મકાનો રહીશોએ સ્વૈચ્છિક રીતે 10 દિવસમાં ખાલી કરી દેવા, અન્યથા પાલિકા દ્વારા ડિમોલિશનની કામગીરી કરવામાં આવશે. આ નોટિસ મળતા જ બિલ ગામના શ્રમિક અને મધ્યમ વર્ગના પરિવારો ચિંતામાં મુકાયા છે. રહીશોની એક જ માંગ છે કે, "અમે ક્યાં જઈશું? અમને પહેલા વૈકલ્પિક રહેઠાણની વ્યવસ્થા કરી આપો, ત્યારબાદ જ કપાતની કામગીરી હાથ ધરો." રહીશોની વેદનાને વાચા આપવા માટે એડવોકેટની આગેવાનીમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને પુરુષો મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરવા પહોંચ્યા હતા. જોકે, સુરક્ષાના કારણોસર પાલિકાના મુખ્ય ગેઈટ પાસે જ રહીશોને અટકાવી દેવામાં આવતા મામલો ગરમાયો હતો. રહીશોએ ગેઈટ પાસે જ બેસીને ધરણાં શરૂ કર્યા હતા અને તંત્ર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. હાલમાં આ મામલો પાલિકામાં ગૂંચવાયો છે. એક તરફ શહેરના વિકાસ માટે રસ્તાનું પહોળીકરણ જરૂરી છે, તો બીજી તરફ અનેક પરિવારો બેઘર થવાની ભીતિમાં જીવી રહ્યા છે. હવે જોવાનું એ રહેશે કે પાલિકા કમિશનર આ રહીશોને આશ્વાસન આપે છે કે પછી સીધું ડિમોલિશન શરૂ કરવામાં આવે છે.

સ્થાનિકોની માંગ સાથેના મુખ્ય મુદ્દાઓ

- **કપાતની અસર:** 75 મીટરના રસ્તાની રેષામાં કુલ 87 મકાનો આવે છે. તંત્રનું વલણ: નોટિસ બાદ તુરંત કામગીરી શરૂ કરવાની તૈયારી.
- **રહીશોની માંગ:** મકાન તોડતા પહેલા હક્ક મુજબનું વૈકલ્પિક મકાન ફાળવવામાં આવે.
- **ઘર્ષણ:** પાલિકા કચેરીમાં પ્રવેશતા અટકાવતા રહીશો અને સુરક્ષા કર્મીઓ વચ્ચે રકઝક

સ્થાનિક રહીશની વેદના : અમે રસ્તાની વિરોધમાં નથી, પણ અમને રસ્તા પર તો ન લાવો

વિરોધ પ્રદર્શનમાં જોડાયેલા બિલ ગામના એક વયોવૃદ્ધ મહિલાએ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે: અમે છેલ્લા કેટલાય વર્ષોથી અહીં રહીએ છીએ. પાલિકા વિકાસ માટે રસ્તો બનાવવા માંગે છે તેની સામે અમને કોઈ વાંધો નથી, પણ અમને ઘરની સામે ઘર આપ્યા વગર બહાર કાઢી મૂકવા એ ક્યાંનો ન્યાય છે? રાતોરાત સામાન લઈને અમે નાના છોકરાઓ સાથે ક્યાં જઈશું? અમારી એક જ વિનંતી છે કે પહેલા અમને વૈકલ્પિક આવાસનો પત્ર આપો, પછી ભલે અમારા મકાનો પર બુલડોઝર ફેરવી દો. જો અમને રહેવાની જગ્યા નહીં મળે, તો અમે અહીંથી હટીશું નહીં.

એસીમાં સ્પાર્ક બાદ આગ લાગી હોવાનું અનુમાન

સંગમ ચાર રસ્તા નજીક બ્યુટી પાર્લરમાં શોર્ટ સર્કિટથી અફરાતફરી

પાણીગેટ ફાયર સ્ટેશનના જવાનોએ પરિસ્થિતિ સંભાળી, કોઈ જાનહાનિ નહિ

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

વડોદરા શહેરના સંગમ ચાર રસ્તા નજીક આવેલ મેક ઓવર બાય તનુજા નામના બ્યુટી પાર્લરમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. પાણીગેટ ફાયર સ્ટેશનના જવાનોએ સ્થળ ઉપર પહોંચી આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. સદનસીબે કોઈ જાનહાની થવા પામી ન હતી.

વડોદરા શહેરમાં આગ લાગવાના બનાવો યથાવત રહેવા પામ્યા છે. ત્યારે ગત રાત્રીએ પણ વધુ એક આગની ઘટના બની હતી. સંગમ ચાર રસ્તા નજીક આવેલા બ્યુટી પાર્લરમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હતી. જેના કારણે આસપાસના લોકોમાં પણ ફફડાટ ફેલાયો હતો. પાણીગેટ ફાયર સ્ટેશનના સબ ફાયર ઓફિસર નરેશ માળીએ જણાવ્યું હતું કે કંટ્રોલ રૂમમાંથી અમને કોલ મળ્યો હતો કે, સંગમ ચાર રસ્તા પાસે આવેલ જલારામ ખમણ હાઉસ એની બાજુમાં એક પાર્લર આવેલું છે. એમાં આગ લાગી છે.

અમે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને પાણીનો મારો ચલાવીને આગને કંટ્રોલમાં લઈ લીધી છે. કોઈ જાનહાની થઈ નથી અને કુલિંગ કરીને સમગ્ર પરિસ્થિતિ ઉપર કાબુ મેળવી લેવામાં આવ્યો છે. આગ લાગવાનું પ્રાથમિક કારણ શોર્ટ સર્કિટના કારણે લાગી હોય તેમ જણાઈ આવ્યું છે. જોયું તો અમે એસીમાં આગ લાગી હતી. આગની આ ઘટનામાં પાર્લરમાં મોટું નુકસાન થયું હોવાનું અનુમાન લગાવવામાં આવ્યું હતું.

સાયબર સલામતી પર ચર્ચાઓ દ્વારા આકર્ષક બનાવવામાં આવ્યું

એમ્પ્લોયબિલિટી એસેન્શિયલ્સ વર્કપ્લેસ સ્કિલ્સ ફોર ટુમોરો વિષય પર સત્ર યોજાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની પાદરાના એમ.કે. અમીન આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ અને કોલેજ ઓફ કોમર્સ દ્વારા એમ્પ્લોયબિલિટી એસેન્શિયલ્સ વર્કપ્લેસ સ્કિલ્સ ફોર ટુમોરો વિષય પર એક નિષ્ણાત સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

એમએસયુની એમ.કે.અમીન આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ અને કોલેજ ઓફ કોમર્સ દ્વારા આયોજિત સત્ર ગંગામણિ ઓડિટોરિયમ ખાતે યોજાયું હતું.

રિસોર્સ પર્સન સાગર સોની, પર્ફોર્મન્સ માર્કેટિંગ મેનેજર અને એઆઈ કોર્પોરેટ ટ્રેનર અને કોમર્સ ફેકલ્ટીના ભૂતપૂર્વ વિદ્યાર્થીએ લિંકડીન પ્રોફાઈલ ઓપ્ટિમાઈઝેશન,ઈન્ટરવ્યુ કૌશલ્ય અને રિઝ્યુમ બિલ્ડિંગ પર મૂલ્યવાન અને વ્યવહારુ આંતરદૃષ્ટિ શેર કરી હતી. સત્રને ઈન્ટરેક્ટિવ ક્વિઝ, વાસ્તવિક દુનિયાના ઉદ્યોગ ઉદાહરણો અને સાયબર સલામતી પર ચર્ચાઓ દ્વારા આકર્ષક બનાવવામાં આવ્યું હતું. એકંદરે આ કાર્યક્રમ વિદ્યાર્થીઓને તેમની રોજગાર ક્ષમતા કુશળતા વધારવામાં નોંધપાત્ર રીતે મદદ કરી અને ઈન્ટર્નશિપ પ્રક્રિયામાં તેમના ચાલુ શિક્ષણને અસરકારક રીતે પૂરક બનાવ્યું હતું.

હજારો લીટર પાણી રોડ પર વહી જતા વાહનચાલકો મુશ્કેલીમાં

કેનાલ વિભાગની 'કુંભકર્ણી નિદ્રા' વચ્ચે બિલ પાસે કેનાલમાં ભંગાણથી રસ્તાઓ થયા જળબંબાકાર

એક નહીં પણ ત્રણ જગ્યાએથી લીકેજ છતાં તંત્ર અજાણ; ખાડામાં વાહન ખાબકશે તો જવાબદારી કોની? જનતાનો રોષે ભરાયેલો સવાલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

વડોદરા શહેરના પાદરા રોડ પર આવેલા બિલ ગામ પાસેથી પસાર થતી કેનાલમાં એકસાથે ત્રણ સ્થળે ગાબડાં અને તિરાડો પડતા લાખો ગેલન પાણી રસ્તા પર ફરી વળ્યું છે. તંત્રની ઘોર બેદરકારીને કારણે ખેડૂતોના હિત માટે છોડાયેલું પાણી રસ્તા પર વહી જતાં આખો વિસ્તાર જળબંબાકાર થઈ ગયો છે, જેના કારણે સ્થાનિકો અને વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. ખેડૂતોને સિંચાઈ માટે પાણી મળી રહે તે હેતુથી કેનાલમાં પાણી છોડવામાં આવ્યું હતું.

પરંતુ કેનાલના નબળા બાંધકામ કે જાળવણીના અભાવે, એક જ વિસ્તારમાં ત્રણ અલગ-અલગ જગ્યાએથી પાણી લીકેજ થવાનું શરૂ થયું હતું. તંત્રને આ બાબતે અગાઉ જાણ હોવા છતાં કોઈ જ નક્કર પગલાં ન લેવાતા આજે સ્થિતિ વિકટ બની છે. કેનાલમાંથી વહેતું પાણી મુખ્ય માર્ગ પર ફરી વળતા ચોમાસા જેવો માહોલ સર્જાયો છે.

સ્થાનિકોમાં રોષ, તાત્કાલિક મરામતની માગ

કેનાલમાં પડેલા ગાબડાને લઈને સ્થાનિક રહીશોમાં તંત્રની બેદરકારી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. વિસ્તારના આગેવાન રાકેશ ઠાકોરે જણાવ્યું હતું કે, કેનાલ વિભાગ દ્વારા સમયસર યોગ્ય દેખરેખ ન રાખવામાં આવતાં આવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. તેમણે કેનાલ વિભાગને તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી કેનાલનું લીકેજ બંધ કરવા તેમજ તૂટેલા રોડની તાત્કાલિક મરામત કરવા માંગ કરી છે. જો વહેલી તકે સમસ્યાનો ઉકેલ નહીં લાવવામાં આવે તો કોઈ ગંભીર અકસ્માત સર્જાઈ શકે છે, જેના માટે સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે તેવી ચેતવણી પણ તેમણે આપી છે.

જુનીગઢીના કોમી છમકલામાં પોલીસે મુખ્ય આરોપીને ઝડપી પડાયો

પુર્વ આયોજીત કાવતરાના ભાગરૂપે લોકોની ઉશ્કેરણી કરી શહેરની શાંતિ ડહોળવાનો પ્રયાસ કર્યો હતો

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

વડોદરા શહેરના અતિસંવેદનશીલ વિસ્તાર પાણીગેટના જુનીગઢીમાં ગત 19 સપ્ટેમ્બરના રોજ હિન્દુ યુવક દ્વારા મુસ્લિમ સમાજના લોકોની ધાર્મિક લાગણી ઠેર પહોંચી તેવી પોસ્ટ વાઈરલ કરી નાખી હતી. જેના પગલે કોમી છમકલુ સર્જાયું હતું. જેમાં મોહમદહનીફ અબુબકર મેમણ જેઓ પ્રાઈવેટ પ્રેસમાં કામ કરતા હોય તેઓએ મુસ્લીમ કોમના લોક ટોળાને હિન્દુ જ્ઞાતિના વ્યકિત દ્વારા સોશિયલ મીડિયા ઉપર મુકેલ પોસ્ટ મુકવા બાબતે પુર્વ આયોજીત કાવતરાના ભાગરૂપે લોકોની ઉશ્કેરણી કરી હતી. ત્યારબાદ જોર-જોર નારા બાજી કરી ટોળામાંથી અમુક લોકોએ ગંભીર ઉશ્કેરણીજનક નારાબાજી કરી કોમી એખલાસ ડોહળવાના ઈરાદે જુનીગઢી હિન્દુ રહેણાંક વિસ્તારમાં પથ્થર માર માર્યો કર્યો હતો. જેના કારણે સમગ્ર વિસ્તારમાં કોમી એખલાસનું વાતાવરણ સર્જાયું હતું.

જેથી પોલીસ દ્વારા હુલ્લડ કરી પોલીસ કર્મચારીને ફરજમાં રૂકાવટ કરવાના હેતુથઈ તેમજ તેઓને જાનથી મારી નાખવાના ઈરાદે હિસંક પથ્થર મારો કર્યો હતો. જેના કારણે કેટલાક લોકોને ઈજાઓ પણ પહોંચી હતી. દરમિયાન 18 ડિસેમ્બરનારોજ મુખ્ય આરોપી મોહમદ હનીફ ઉર્ફે બટકો અબુબકર મેમણ (રહે-, ગ્રાઉન્ડ ફ્લોર, નબીલ ફ્લેટ, ગાયત્રી ગેસની ગલીમાં, વાઘોડીયા રોડ, વડોદરા)ને ઝડપી પાડ્યો હતો.

સલાટ વાળા વિસ્તારમાં મોડી રાત્રે ભાથુજીના મંદિર પાસેનો બનાવ

અખીયાણનો કાર્યક્રમ પોલીસે બંધ કરાવતા માળી સમાજના લોકો ભડકી ઉઠ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

વડોદરાના સલાટવાડા વિસ્તારમાં આવેલા ભાથીજી મહારાજના મંદિરે મોડી રાત્રે આયોજિત કરાયેલા અખીયાણના કાર્યક્રમને પોલીસે બંધ કરાવી દેતા માળી સમાના લોકો આગ બબુલા બની ગયા હતા. મુસ્લિમ સમાજ દ્વારા મોડી રાત્રે કાઢવામાં આવતા જુલુસ બંધ નથી કરાવતા અને હિન્દુ સમાજના કાર્યક્રમો પર રોક લગાવી દેવામાં આવે છે તેઓ આક્ષેપ આક્રોશ સાથે સ્થાનિક લોકોએ કર્યો છે.

વડોદરા શહેરના સલાટવાડા વિસ્તારમાં આવેલા માળી મહોલ્લામાં માળી સમાજના લોકો દ્વારા વર્ષે ભાથીજી મહારાજના મંદિરે અખીયાણનું આયોજન કરવામાં આવ્યું હોય છે. ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ માળી લોકો દ્વારા મંદિરે અખીયાણ યોજવામાં આવ્યું હતું. પરંતુ રાત્રે અખીયાણ ચાલતું હતું ત્યારે પોલીસ ત્રાટકી હતી અને બંધ કરાવવા માટે આવી પહોંચી હતી અને બંધ પણ કરાવી દીધું હતું. જેના કારણે માળી સમાજના લોકોના ભારે રોષ ફેલાયો હતો. સ્થાનિક લોકોએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે મુસ્લિમ સમાજના લોકો જુલુસ લઈ મોડી રાત સુધી રસ્તા પર ફરતા હોય ત્યારે તેને બંધ કરવાની કોઈ પોલીસ અધિકારી કે જાણકારી દ્વારા હિંમત કરવામાં આવતી નથી અને અમારા હિન્દુ સમાજના કાર્યક્રમને પોલીસ બંધ કરાવવા માટે દોડી આવી હતી. ત્યારે અને હજારો રૂપિયા ખર્ચીને અખીયાણનું આયોજન કર્યું હતું જે બંધ કરાવી દેતા અમારો ખર્ચો માથે પડ્યો હતો.

જૂની અદાવતે વારસીયામાં કાર સળગાવી દીધી હતી

ધોબી તળાવ પાસેથી બૂટલેગર હેરીનો સાગરિત ઝડપાયો

હેરી સહિત અન્ય બે સાગરિતો હજુ પણ પોલીસ પકડથી દૂર

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

વડોદરા શહેરના વારસીયા વિસ્તારમાં કુખ્યાત બૂટલેગર અલ્પુ સિંધી તથા હેરી લુધવાણી વચ્ચે દારૂના ધંધાને લઈને વારંવાર ઝઘડા થતા રહેતા હોય છે. અગાઉ અલ્પુ સિંધીની ગેંગ દ્વારા હેરી સિંધી પર હુમલો કરાયો હતો. જેની અદાવત રાખીને હેરી લુધવાણી તાજેતરમાં વારસીયામાં રહેતા અલ્પુ સિંધીના સાગરીતની કાર સહિત ત્રણ વાહનોને આંગચાપી ભસ્મીભુત કરી નાખ્યાં હતા. ત્યારબાદ યુવકે વારસીયા પોલીસ સ્ટેશનમાં હેરી લુધવાણી તથા તેના બે સાગરીતો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ત્યારે યુવકને હેરી લુધવાણીના સાગરીતે તાજેતરમાં ફરિયાદી યુવકના ઘરે જઈને કારની જેમ તારા ઘરને પણ સળગાવી દઈશ તેવી ધમકી આપી હતી. જેથી વારસીયા પોલીસ તેની અલગથી એફઆઈઆર નોધી હતી. દરમિયાન પોલીસની ટીમ ટીમ અલગ અલગ ટીમો આરોપીઓની શોધી કરી રહી હતી. ત્યારે એલસીબી ઝોન 4ની ટીમને બાતમી મળી હતી કે હેરી લુધવાણીનો સાગરીત વરૂણ ઉર્ફે જેટલી નંદલાલ હેમાણી (હાલ રહે. સંત કવર કોલોની વારસીયા) હાલમાં ધોબી તળાવ પાસે ઉભો છે. જેના આધારે એલસીબી ઝોન 4ની ટીમ બાતમી મુજબના સ્થળ પર જઈને આરોપીને વરૂણ હેમાણીને ઝડપી પાડયો હતો.

મગરને રેસ્ક્યુ કરીને વડોદરા વન વિભાગ ખાતે લઈ જવામાં આવ્યો

જીએમ પેકિંગ કંપનીમાં મહાકાય મગર ઘૂસ્યો,કર્મચારીઓમાં ફફડાટ

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

વડોદરા શહેર નજીક આવેલી કેલનપુર પાસેની જીએમ પેકેજીંગ કંપનીમાં મગર આવી જતા હાજર સ્ટાફમાં ફફડાટ ફેલાયો હતો. બનાવ અંગેની જાણ કરવામાં આવતા વડોદરા વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને ભારે જહેમતે સાડા પાંચ ફૂટના મગરનું રેસ્ક્યુ કરી વનવિભાગને સોંપવામાં આવ્યો હતો.

વડોદરા શહેર નજીક કેલનપુર પાસે નવાપુરા ડભોઈ રોડ પર આવેલી જીએમ પેકેજીંગ કંપનીમાં મગર આવી જતા હાજર સ્ટાફમાં ફફડાટ ફેલાયો હતો. આ અંગે વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટના પ્રેસિડેન્ટ અરવિંદ પવારે જણાવ્યું હતું કે, રાત્રિના સમયે નવાપુરા ડભોઈ રોડ પર કેલનપુર નજીક જી.એમ પેકેજીંગ કંપની આવેલી છે. જે કંપનીની અંદર એક મગર આવી ગયો છે, તેવો કોલ મળ્યો હતો.

જેથી સંસ્થાના સેક્રેટરી યુવરાજસિંહ રાજપુત અને સંસ્થાના કાર્યકર સાથે વડોદરા વન વિભાગના અધિકારી જીગ્નેશભાઈ પરમારને લઈને ત્યાં પહોંચ્યા હતા. જ્યાં એક સાડા પાંચ ફૂટનો મગર કંપનીના ગેટ પાસે જોવા મળ્યો હતો. આ મગરને અડધો કલાકની ભારે જહેમત બાદ રેસ્ક્યુ કરીને વડોદરા વન વિભાગ ખાતે લઈ જવામાં આવ્યો હતો.

ગોરવા, સનફાર્મા તથા વાઘોડિયા રોડ તેમજ નવાપુરા વિસ્તારમાં પોલીસનું ચેકિંગ

પ્રતિબંધિત ગોગો સ્મોકિંગ કોન તથા રોલિંગ પેપર મળી રૂ. 2.48 લાખના મુદ્દામાલ સાથે 6 શખ્સ ઝડપાયા

પોલીસ દ્વારા ત્રણ વેપારીની અટકાયત, પ્રતિબંધિત વસ્તુ વેચનાર શખ્સો સામે સપાટો

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

ગૃહવિભાગના સુચના બાદ સમગ્ર પોલીસ વિભાગ શહેરના અલગ અલગ વિસ્તારોમાં પાનના ગલ્લા તથા દુકાનોમાં ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં છ જગ્યા પર ગોરવા, એસઓજી તથા નવાપુરા પોલીસે રેડ કરીને પ્રતિબંધિત સ્મોકિંગ કોન તથા રોલિંગ પેપેરનું વેચાણ કરનાર છ આરોપીને ઝડપી પાડ્યાં હતા. તેમની ગોગોસ્મોકિંગ કોન અને રોલિંગ પેપર સહિત રૂ. 2.48 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. ગોરવા પોલીસની ત્રણ પાનના ગલ્લાની દુકાનમાં રેડ કરી વડોદરા શહેર પોલીસ દ્વારા ગોગો સ્મોકિંગ કોન તથા રોલિંગ પેપરનું ગેરકાયદે વેચાણ કરનાર વેપારીઓ સામે સપાટો બોલાવવામાં આવી રહ્યો છે. જેથી ગોરવા પોલીસની ટીમો દ્વારા અલગ અલગ દુકાનમાં પ્રતિબંધીત વસ્તુઓની ચેકિંગ હાથ ધરાયું હતું જેને પગલે આવી પ્રતિબંધિત ચજવસ્તૂઓનુ વેચાણ કરનારાઓમાં ફફડાટ વ્યાપેલો જોવા મળ્યો હતો.

પ્રથમ બનાવ । જેમાં ભાઇલાલ અમિન હોસ્પિટલના ગેઇટની બાજુમાં આવેલા માલિક હિતેશ સુખરામ અગ્રવાલના રાધે રાધે પાનના ગલ્લા, સુધિર દુબેના જય ભોલે પાનના ગલ્લા તથા વિમલનાથ કોમ્પલેક્ષમાં પૃથ્વી પટેલના પટેલ પાન કોર્નરમાં સરપ્રાઇઝ ચેકિંગ હાથ ધરાયુ હતું. તેમાંથી ગોગા સ્મોકિંગ રોલના બોક્સ તથા રોલીંગ પેપર મળી 6 હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે ત્રણ દુકાનના માલિકની અટકાયત કરી હતી.

બીજો બનાવ । એસઓજી પોલીસની અલગ અલગ ટીમો દ્વારા પ્રતિબંધિત વસ્તુનુ વેચાણ કરનાર લોકો સામે કાર્યવાહી શરૂ કરી છે. ત્યારે અટલાદરા વિસ્તારમાં આવેલી અવધ અટારીયા કોમ્પલેક્ષમાં આવેલી શ્રીશક્તિ પાન તથા વાઘોડિયા રોડ પર આવેલી દિપાલી પ્રોવિઝન સ્ટોરમાં એસઓજી દ્વારા તપાસ કરાઇ હતી. જેમાં બંને દુકાનમાંથી ગોગો સ્મોકિંગ કોનનો રૂપિયા 27 હજારનો જથ્થો મળી આવતા કબજે કરાયો હતો.

ત્રીજો બનાવ । ત્રીજા બનાવમાં નવાપુરા પોલીસે ગોગો સ્મોકિંગ કોનનું વેચાણ કરનાર પર કાર્યવાહી શરૂ કરી છે. ત્યારે પોલીસ સ્ટાફ વિસ્તારમાં ચેકિંગમાં હતો અને ગીરીશ દયાલ ભારવાણી (રહે, ગોકુલનગર મકરપુરા રોડ, હજીરની સામે, વડોદરા ગોગો રોલીંગ પેપર તથા સ્મોકીંગ ફીલ્ટર મળી રૂ.2.05 લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો.

પિસ્તોલ તાકી રૂ.80 લાખના બદલામાં મકાન તથા ઓફિસ પણ પચાવી પાડવાનો પ્રયાસ

તરસાલીમાં રહેતી મહિલા પાસેથી રૂ. 1.57 કરોડ સામે રૂ.4.39 કરોડ વસૂલ્યાં છતાં પઠાણી ઉઘરાણી

મારી નાખવાની ધમકી આપતા ડરી ગયેલી મહિલાએ ત્રિપુટી સામે ફરિયાદ નોંધાવી

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

તરસાલી વિસ્તારમાં રહેતી મહિલા મેન પાવર સપ્યાલ કરવા માટેની કંપની ચલાવે છે.કોરોના કાળ દરમિયાન તેમને રૂપિયા જરૂરિયા ઉભી થઇ હતી ત્યારે તેઓ ત્રણ લોકો પાસેથી રૂપિય 1.57 કરોડ લીધા હતા. જેની સામે મહિલાએ તેમને રૂ. 4.39 કરોડ ચૂકવી દીધા હતા. ઉપરાંત ત્રિપુટી તેમની પાસે વધુ રૂપિયાની માગણી કરી હતી.

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં આવેલ યોગેશ્વર પાર્કની પાછળ આવેલી મનહરપાર્ક સોસાયટીમાં રહેતા શશીલીયા એન્ડ્રુ પિન્ટો (ઉ.વ. 61)એ નોંધાવેલી ફરિયાદ મુજબ મહિલા પોતાની મેન પાવર સપ્લાયર કરનારી કંપની ચલાવે છે. તેઓએ સુનિલ નલીન પરીખ રજનીકાંત, રાવત તથા જયેશ પરમાર પાસેથી કોરોના મહામારીના કારણે રૂપિયાની જરૂરીયાત થતા તેઓની પાસેથી ગત 1.57 કરોડ જેટલા માતબર રકમ તેઓની પાસેથી બેંક મારફતે લીધી હતી.

તે રકમની સામે બેને તેઓને ગત 23 નવેમ્બર 2021થી 28 ઓગષ્ટ 2025 સુધીમાં બેંક તથા આંગડીયા પેઢી તથા રોકડા મળી કુલ રૂ.4.39 કરોડ જેટલી રકમ પરત ચુકવી આપી હોવા છતાં સુનિલ પરીખ, રજનીકાંત રાવત તથા જયેશ પરમાર મહિલા પાસે રૂપિયા 80 લાખથી વધારે રકમ બળજબરીપૂર્વક રૂપિયાની ઉઘરાણી કરવાનું અને તેના બદલામાં મહિલાને ઓફિસ અને મકાન પચાવી પાડવા અવાર નવાર ગાળો ભાંડતા હતા. ઉપરાંત ત્રણ આરોપીઓ મહિલાને પિસ્તોલ બતાવીને મહિલાને ધમકી આપી હતી તેમજ સુનિલ નલીન પરીખ, રજનીકાંત રાવત તથા જયેશ પરમાર મહિલાના બેનના ઘરમાં બળજબરી પૂર્વક ઘુસી આવ્યાં હતા અને મહિલાની સામે સુનિલ પરીખ પિસ્તોલ તાકી દીધા બાદ તેમને ડરાવી મારી નાખવનો ડર બતાવી બળજબરી પુર્વક રૂપિયાની ઉઘરાણી કરી હતી. જેથી મકરપુરા પોલીસ દ્વારા ત્રિપુટી વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે.